GJDH030013832024

રજુ તારીખ :૨૬/૦૪/૨૦૨૪
દાખલ તારીખ :૨૬/૦૪/૨૦૨૪
જજમેન્ટ તારીખ:૦૭/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૧– ૧૦– ૦૧

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179–A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – ૦૭/૦૩/૨૦૨૬

ક્રીમીનલ કેસ નંબર: ૧૦૩૫/૨૦૨૪

આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) |
| તોહમતનામાં મુજબ તોહમત | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | પ્રકાશભાઇ ઉર્ફે પકો પર્વતભાઇ પટેલ,<br>રહે.– ભુવાલ, તાડ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો –દાહોદ. |
| આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી | ડી. આર. ચૌહાણ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૯/૧૦/૨૦૨૩. |
| ફરિયાદની તારીખ | ૨૯/૧૦/૨૦૨૩. |
| ચાર્જશીટની તારીખ | ૨૯/૧૦/૨૦૨૩. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૯/૦૭/૨૦૨૪. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૯/૦૮/૨૦૨૫. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬. |
| ચુકાદા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬. |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રકાશભાઇ ઉર્ફે પકો પર્વતભાઇ પટેલ | ૦૬/૦૩/૨૦૨૪ | -- | ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ - ૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | - | - |

# **FORM–C**

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી – સુભાષચંદ્ર ધુળાભાઇ ચૌહાણની જુબાની | ૧૬ |
| ૨ | પંચ સાહેદ – નવલસીંગ અભેસીંગભાઇ પટેલની જુબાની | ૧૮ |
| ૩ | પંચ સાહેદ – અર્જુનભાઇ રૂમાલભાઇ બારીયાની જુબાની | ૨૦ |
| ૪ | ત.ક.અ. – ચીરાગભાઇ રણછોડભાઇ દેસાઇની જુબાની | ૨૮ |
| ૫ | ત.ક.અ. – કિરણસીંહ કમલસીંહ રાજપુતની જુબાની | ૩૨ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૭ |
| ૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૩ | આરોપીના ઘરના ઘરવેરાની પહોંચ, લાઇટબીલ, આકરણીપત્રક | ૨૯ |
| ૪ | એફ.એસ.એલ. રવાનગી યાદી | ૩૦ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**–:જજમેન્ટ :–**

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૯/૧૦/૨૦૨૩ ના કલાક ૧૪:૩૦ વાગે માજે ભુવાલ ગામે આ કામના આરોપીએ અન્ય આરોપી કીરણભાઇ સાથે મળી પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમિટે ગેરકાયદેસર રીતે આરોપી ઇશ્વરભાઇના રહેણાંકના મકાનમાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ નંગ–૨૯ તેમજ છુટી બોટલો મળી કુલ બોટલો નંગ–૧૨૧૨ કિંમત રૂ. ૧,૪૯,૧૨૦/– નો પ્રોહી. દારૂ મંગાવી તથા મોટર સાયકલ કિંમત રૂ. ૨૫,૦૦૦/– મળી કુલ કિંમત રૂ. ૧,૭૪,૧૨૦/– નો પ્રોહી. મુદામાલ પોલીસ રેઈડ દરમ્યાન મુકી નાસી જઇ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં આપતાં, દેવગઢ બારીઆ પ્રોહી. ગુના રજીસ્ટર નં. ૧૧૮૨૧૦૦૫૨૩૦૬૫૩/૨૦૨૩ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

2. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં કલમ–૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયાં અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ–૨૪૦ મુજબ વિગતવારનું તહોમતનામુ આંક–૦૫ થી ફરમાવી, વાંચી સંભળાવતાં સમજાવતાં ગુન્હા અંગે આંક–૦૬ થી જવાબ પુછવામાં આવતાં ઇન્કાર કરતાં, કલમ–૨૪૨ મુજબ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા સારૂ રાખવામાં આવેલ પરંતુ સદરહુ આરોપીનો વારંવાર પોકાર કરાવવા છતાં આરોપી હાજર ન હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી.

**4.** ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**5.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**5.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૯/૧૦/૨૦૨૩ ના કલાક ૧૪:૩૦ વાગે માજે ભુવાલ ગામે આ કામના આરોપીએ અન્ય આરોપી કીરણભાઇ સાથે મળી પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમિટે ગેરકાયદેસર રીતે આરોપી ઈશ્વરભાઈના રહેણાંકના મકાનમાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ નંગ–૨૯ તેમજ છુટી બોટલો મળી કુલ બોટલો નંગ–૧૨૧૨ કિંમત રૂ. ૧,૪૯,૧૨૦/– નો પ્રોહી. દારૂ મંગાવી તથા મોટર સાયકલ કિંમત રૂ. ૨૫,૦૦૦/– મળી કુલ કિંમત રૂ. ૧,૭૪,૧૨૦/– નો પ્રોહી. મુદામાલ પોલીસ રેઈડ દરમ્યાન મુકી નાસી જઇ પ્રોહી એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–

**7.1.** વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે

અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>-: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:-</u>

**7.2.** આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદ નવલસીંગ અભેસીંગભાઇ પટેલનાઓને આંક-૧૮ થી તથા બીજા પંચસાહેદ અર્જુનભાઇ રૂમાલભાઇ બારીયાનાઓને આંક-૨૦ થી તપાસેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહિ કરવાનું કહેતાં તેઓએ સહિ કરી આપેલી. પંચનામુ કઇ બાબતનો હતો તે તેઓને ખબર નથી. તેમજ પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. જે પંચનામુ આંક-૧૯ થી રજુ છે. આમ સદર પંચસાહેદોએ પંચનામા અનુરૂપ જુબાની આપેલ ન હોય સદર પંચસાહેદોને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. જેથી આંક-૧૯ વાળુ પંચનામુ પુરવાર થતું નથી.

**7.3.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી સુભાષચંદ્ર ધુળાભાઇ ચૌહાણનાઓને આંક-૧૬ થી તપાસેલ છે. તેઓએ આંક-૧૭ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પંચનામુ કર્યા બાદ ફરિયાદ આપેલી તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ રોડ આવેલ છે અને તે રોડ ઉપર બીજા વાહનોની અવર જવર રહે છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથથી મુદ્દામાલ મળી આવેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે જે ઘરમાંથી મુદ્દામાલ મળી આવેલ તે ઘરની આસપાસ બીજા રહેણાંકના મકાનો આવેલા છે.

**7.4.** આ કામે ફરિયાદ પક્ષે ત.ક.અ. ચીરાગભાઇ રણછોડભાઇ દેસાઇનાઓને આંક-૨૮ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં સદર ત.ક.અ. આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસના કામે મે કબજે કરેલ લાઇટબીલ, ઘરવેરા પહોંચ તથા આકરણીપત્રક હાલના આરોપીના નામના નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પંચનામુ કર્યા બાદ ફરિયાદીએ ફરિયાદ આપેલી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પંચસાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથથી મુદ્દામાલ મળી આવેલ નથી.

તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આસપાસ બીજા રહેણાંકના મકાનો આવેલા છે.

**7.5.** આ કામે ફરિયાદ પક્ષે ત.ક.અ. કિરણસીંહ કમલસીંહ રાજપુતનાઓને આંક-૩૨ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં સદર ત.ક.અ.એ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તેઓએ ફકત ચાર્જશીટ કરેલ તે સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

**7.6.** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

**7.7.** In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION,** 1996 (0) **AIJEL–SC**25516 The Hon'ble Supreme Court held that,

*"15. When the judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding the trial only for the purpose of formally completing the pronouncing the conclusion on a future date."*

**8.** આમ, ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને તથા વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V. SURESHBHAI S PATEL,** 2010 (0) **AIJEL–HC** 224081, નીચે મુજબ ઠરાવેલ છે.

*15.The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness – Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how*

*many bottles of which brand he has seized.* ***It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent–accused.***

આમ, ઉપરોક્ત કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, પંચસાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતાં ના હોય તેમજ ફરિયાદીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત ફરિયાદી તથા ત.ક.અ.ની જુબાની પર આધાર રાખીને કે સાબિત થયેલાનું માની શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને  ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં રહેણાંકના મકાનો આવેલ છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ

નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે

**<u>–:: આખરી હુ ક મ ::–</u>**

1. આ કામના આરોપી **પ્રકાશભાઈ ઉર્ફે પકો પર્વતભાઈ પટેલ, રહે.– ભુવાલ, તાડ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો –દાહોદનાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી આરોપીની ગેરહાજરીમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલના વાહન હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઇ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ વાહનનો અપીલ સમય પત્યા બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઈમ ન હોય તો **<u>નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઇ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં</u>** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી સંબંધીત પી.એસ.આઇ. શ્રીનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. આરોપીએ આપેલા જુના જામીન છ માસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૦૭મી, માહે – માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬**

**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**